એક્સ્ટ્રા અફેર | રાજીવ પંડિત

rajeev.pandit@bombaysamachar.com

# કૉંગ્રેસ દોષારોપણ નહીં આત્મમંથન કરે

**કૉંગ્રેસ** માટે હમણાં બરાબરની માઠી દશા ચાલે છે ને ઠેર ઠેરથી હોળી સળગ્યાના જ સમાચાર આવે છે. કૉંગ્રેસનીનેતાગીરી એક ઠેકાણે હોળી ઠારે ત્યાં બીજે ભડકો થાય છે ને ત્યાં ઠારે ત્યાં ત્રીજે ઠેકાણે સળગે છે. પંજાબ, રાજસ્થાન ને છત્તીસગઢ એ ત્રણ કૉંગ્રેસ શાસિત રાજ્યોમાં તો બારે મહિના હોળી સળગેલી જ હોય છે. કૉંગ્રેસ માટે તાજો ભડકો મેઘાલયમાં થયો છે. ઉત્તર-પૂર્વનાં ટચૂકડા રાજ્ય મેઘાલય વિધાનસભામાં કુલ ૬૦ બેઠકો છે. ૨૦૧૮માં વિધાનસભાની ચૂંટણ થઈ ત્યારે સૌથી વધારે બેઠકો એનપીપીને ૨૩ મળેલી ને તેણે ભાજપ સહિતના પક્ષોના ટેકાથી સરકાર રચેલી. બીજા નંબરે કૉંગ્રેસ આવેલી ને તેને ૧૭ બેઠકો મળેલી. એનપીપી ભાજપના પડખામાં ગઈ હોવાથી કૉંગ્રેસ મુખ્ય વિરોધ પક્ષ હતો.

બુધવારે અચાચક જ ચિત્ર બદલાયું. કૉંગ્રેસના ૧૭માંથી ૧૨ ધારાસભ્યો ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુકુલ સંગમાની આગેવાનીમાં મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસમાં જોડાઈ ગયા એ સાથે જ કૉંગ્રેસના બદલે તૃણમૂલ કૉંગ્રેસ મુખ્ય વિરોધ પક્ષ બની ગયો. પક્ષપલટા વિરોધી ધારા હેઠળ ત્રીજા ભાગના ધારાસભ્યો પક્ષ છોડીને જાય તો ગેરલાયક ના ઠરે. મતલબ કે, સંગમા સાથે છ ધારાસભ્યો ગયા હોત તો પણ પક્ષપલટા વિરોધી કાયદો લાગુ ના પડ્યો હોત. તેના બદલે સંગમા પોતાની સાથે એકસામટા ૧૧ ધારાસભ્યોને લઈ ગયા તેમાં કૉંગ્રેસ પાસે ગણીને પાંચ ધારાસભ્યો રહી ગયા છે. મોટા ભાગના ધારાસભ્યો કૉંગ્રેસને રામ રામ કરીને તૃણમૂલના પડખામાં ભરાઈ ગયા છે એ જોતાં આ પાંચ ધારાસભ્યો પણ ક્યાં લગી ટકશે એ ખબર નથી.

મુકુલ સંગમા કૉંગ્રેસના જૂના જોગી છે ને બે વાર મુખ્યમંત્રી બનેલા. સંગમા પહેલી વાર ૨૦૧૦માં મુખ્યમંત્રી બનેલા ને ત્રણ વર્ષ ટકેલા. ૨૦૧૩ની ચૂંટણીમાં સંગમાએ કૉંગ્રેસને ફરી વાર જીતાડીને સત્તા અપાવી હતી ને પાંચ વર્ષ પૂરાં કરેલાં. ૧૯૯૩માં પહેલી વાર અપક્ષ તરીકે ધારાસભ્યપદે ચૂંટાયેલા સંગમા એ પછી સળંગ ધારાસભ્ય તરીકે ચૂંટાતા રહ્યા છે ને કદી હાર્યા નથી. સળંગ છ વાર વિધાનસભાની ચૂંટણી જીતનારા સંગમાની ગણના મેઘાલય કૉંગ્રેસના ધુરંધરોમાં થતી હતી પણ કૉંગ્રેસે તેમને કોરાણે મૂકીને વિન્સેટ પાલાને આગળ કરવા માંડ્યા તેમાં સંગમા બગડેલા. પાલાએ સંગમાના માણસોને કાપીને સંગઠનમાં પોતાના મળતિયાઓને મૂકવા માંડ્યા તેની સામે સંગમાએ વારંવાર રજૂઆત કરી પણ હાઈકમાન્ડે તેમને ભાવ જ નહોતો આપ્યો. સંગમા કોલકાત્તા જઈને મમતા બેનરજીને મળેલા પણ કૉંગ્રેસ એવા ભ્રમમાં જ હતા કે સંગમા હાઈકમાન્ડને હૂલ આપવા ને બિવડાવવા આ બધા દાવ કરે છે. હાઈકમાન્ડે સંગમાને ગણકાર્યા જ નહીં એટલે એ વધારે બગડ્યા ને બુધવારે સાચે જ કૉંગ્રેસનો દાવ કરી નાંખ્યો. એકસાથે ૧૧ ધારાસભ્યોને લઈને તૃણમૂલમાં ઉપડી ગયા ને કૉંગ્રેસને ખાલી કરી નાંખી.

મેઘાલયની ઘટના કૉંગ્રેસ માટે આંખ ઉઘાડનારી હતી ને આ ઘટના પછી કૉંગ્રેસીઓએ આત્મમંથન કરવું જોઈએ પણ તેના બદલે કૉંગ્રેસીઓ જે વાતો કરે છે તે સાંભળીને આઘાત લાગે છે. કૉંગ્રેસમાં સોનિયા ગાંધી તો આવા નાની નાની વાતો વિશે બોલવામાં પહેલેથી માનતાં નથી પણ રાહુલ ગાંધી ને પ્રિયંકા ગાંધી પણ આવી ઘટનાઓને ગણકારતાં ના હોય એ રીતે વર્તે છે તેથી સત્તાવાર રીતે કશું કહેતાં નથી પણ તેમના વાઉચરો રીએક્શન્સ આપે છે. રીએક્શન આપવા માટે દરેક વાર અલગ અલગ ધુરંધર હાજર થાય છે ને આ વખતે લોકસભામાં કૉંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીનો વારો હતો. ચૌધરી પશ્ચિમ બંગાળ કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ પણ છે કે જ્યાં આ વરસની શરૂઆતમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસે સાવ ધોળકું ધોળીને ખાતું પણ નહોતું ખોલાવ્યું.

ચૌધરીના કહેવા પ્રમાણે મેઘાલય જ નહીં પણ આખા ઉત્તર-પૂર્વમાં કૉંગ્રેસને તોડવાનું એક ષડયંત્ર ચાલી રહ્યું છે. ચૌધરીએ આ ષડયંત્રના સૂત્રધાર તરીકે મમતા બેનરજીના ખાસ મનાતા ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર અને હમણાં જ કૉંગ્રેસ છોડીને તૃણમૂલ કૉંગ્રેસમાં જોડાયેલા ગોઆના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લુઈઝિયાનો ફલેરોને ગણાવ્યા છે. આ બંનેની જોડી સાથે મળીને કૉંગ્રેસમાં તોડફોડ કરી રહી હોવાનો ચૌધરીનો આક્ષેપ છે. ચૌધરીએ તો નરેન્દ્ર મોદીના ઈશારે મમતા બેનરજી આ તોડફોડ કરાવી રહ્યાં હોવાનું પણ આડકતરી રીતે કહ્યું છે.

મમતા બેનરજી થોડા દાડા પહેલાં જ દિલ્હી ગયેલાં. મમતા છેલ્લે જુલાઈમાં દિલ્હી ગયાં એ ટાણે સોનિયા ગાંધીને ખાસ મળવા ગયેલાં. ભાજપ સામે લડવા માટે કૉંગ્રેસ સહિતના ભાજપ વિરોધી પક્ષોનો મોરચો રચવાની વાતો પણ તેમણે કરેલી પણ આ વખતે મમતા સોનિયાને ના મળ્યાં. ચૌધરીએ ટોણો માર્યો છે કે, સોનિયાને મળવા જાય તો મોદી ગુસ્સે થઈ જાય એટલે મમતા સોનિયા ગાંધીને ના મળ્યાં. ચૌધરીના કહેવા પ્રમાણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મમતાના ભત્રીજા ને સાંસદ અભિષેક બેનરજીને પૂછપરછ માટે બોલાવ્યો ત્યારથી મમતાના રંગઢંગ બદલાઈ ગયા છે. મમતાએ એ પહેલાં ભાજપ સામે લડવા માટે એક થવા સોનિયાને કાગળ લખેલો ને હવે મળવા પણ માગતાં નથી. ચૌધરીએ તો પડકાર પણ ફેંક્યો છે કે, મમતામાં તાકાત હોય તો તેમણે મુકુલ સંગમા સહિતના ધારાસભ્યોને પહેલાં તૃણમૂલ કૉંગ્રેસના બેનર હેઠળ ચૂંટણી લડાવીને જીતાડી બતાવવા જોઈએ ને પછી પોતાની પાર્ટીમાં લેવા જોઈએ.

ચૌધરી કૉંગ્રેસના વરિષ્ઠ નેતા છે તેથી તેમણે જે કંઈ કહ્યું એ ઉપરવાળાંની મરજીથી જ કહ્યું હશે એ કહેવાની જરૂર નથી. ચૌધરી લોકસભામાં કૉંગ્રેસના નેતા છે તેથી એ જે કંઈ કહે એ કૉંગ્રેસનું સત્તાવાર વલણ જ કહેવાય ને આ વલણ સાવ વાહિયાત કહેવાય એવું છે. મેઘાલયની ઘટના તાજી છે તેથી તેની વાત કરી પણ કૉંગ્રેસના નેતા પક્ષ છોડીને જાય એ નવી વાત નથી. લાંબ સમયથી આ ક્રમ ચાલ્યા કરે છે. આ માહોલમાં કૉંગ્રેસે વિચારવું જોઈએ કે પોતાના નેતા કેમ પક્ષ છોડીને જઈ રહ્યા છે પણ તેના બદલે ચૌધરી કાવતરાની વાતો કરે છે એ સાંભળીને હસવું આવે છે. રાજકારણમાં તોડફોડ સામાન્ય વાત છે ને એક પક્ષ બીજા પક્ષના નેતાઓને તોડી જાય તેમાં કોઈને નવાઈ લાગતી નથી. તેને કાવતરું કઈ રીતે ગણાવી શકાય ? ને માનો કે આ કાવતરું હોય તો પણ કૉંગ્રેસ પોતાના માણસોને બીજા પક્ષમાં જતા રોકવા કેમ કશું કરતી નથી?

કૉંગ્રેસે ખરેખર આત્મમંથન કરીને પોતાના માણસોને જતા રોકવા માટે મથવું જોઈએ. તેના બદલે કૉંગ્રેસ દોષારોપણ કરીને પોતાની નબળાઈને ઢાંકવા મથી રહી છે એ આઘાતજનક છે. કૉંગ્રેસમાંથી લોકો જઈ રહ્યા છે તેનું કારણ કૉંગ્રેસ હાઈકમાન્ડની નિષ્ક્રિયતા અને અનિર્ણાયકતા છે. વાસ્તવમાં કૉંગ્રેસમાં કોઈ નેતાગીરી જ રહી નથી ને જે કહેવાતી નેતાગીરી છે એ કોઈ નિર્ણય જ લેતી નથી તેથી કૉંગ્રેસીઓને પોતાના રાજકીય ભાવિ વિશે અસાલમતી લાગી રહી છે. કૉંગ્રેસમાં બધું સ્થગિત થઈ ગયું છે ને નાના નાના નિર્ણયો લેવામાં પણ એટલો ટાઈમ પાસ કરાય છે કે કોઈ પણ માણસ અકળાઈ જાય. કોઈ પણ વાતનો ત્વરિત નિવેડો લાવવાના બદલે વાતને લટકાવી રાખવી એ જ કૉંગ્રેસનું કેરેક્ટર બની ગયું છે ને તેના કારણે બધી મોંકાણ છે.

કૉંગ્રેસમાં સંવાદ પણ મરી પરવાર્યો છે. કાર્યકરો તો ઠીક પણ મોટા ગજાના નેતાઓની વાત પણ કોઈ સાંભળતું નથી ને લોલેલોલ ચાલે છે. આ સ્થિતિ સામે અવાજ ઉઠાવે તેના પર હાઈકમાન્ડના ચમચા તૂટી પડે છે ને તેને પક્ષવિરોધી ચિતરી નાંખે છે તેથી હવે લોકો બોલવાના બદલે પક્ષ છોડીને પોતાનો રસ્તો કરી લેવાની નીતિ અપનાવે છે.

કૉંગ્રેસે આ સ્થિતિ બદલવી જોઈએ ને પક્ષમાં કાર્યકરો-નેતાઓનો વિશ્વાસ વધે એવા પગલાં ભરવાં જોઈએ. કૉંગ્રેસીઓને વિશ્વાસ અપાવવો જોઈએ કે, કૉંગ્રેસમાં ફરી બેઠા થવાની તાકાત છે ને કૉંગ્રેસમાં તમારું ભાવિ સલામત છે. કાવતરાની ને એવી બધી બકવાસ વાતો કરવાના બદલે વિશ્વાસ પેદા કરીને પક્ષને બચાવવો જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન/ સૌર હેમંતઋતુ),

શુક્રવાર, તા. ૨૬-૧૧-૨૦૨૧, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૫, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૨
- વિક્રમ સંવત ૨૦૭૮, શા. શકે ૧૯૪૨, કાર્તિક વદ-૭
- જૈન વીર સંવત ૨૫૪૮, માહે કાર્તિક, તિથિ વદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૪થો તીર, સને ૧૩૯૧
- પારસી કદમી રોજ ૧૩મો તીર, ૫મો અમરદાદ, સને ૧૩૯૧
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૦
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૩
- મીસરી રોજ ૨૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૩
- નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૦-૩૫ સુધી, પછી મઘા.
- ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૦-૩૫ સુધી, પછી સિંહમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૨ સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨ સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતી : બપોરે ક. ૧૫-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૪ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૧૦-૨૩, રાત્રે ક. ૨૧-૩૧.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૮, 'પ્રમાદી' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૩, 'પ્લવ' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - સપ્તમી. ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૭-૧૯.
- શુભાશુભ દિન શુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ ગ્રહ દેવતાનું પૂજન, સર્પપૂજા, ઔષધ ઉપચાર, માલ વેંચવો, નિત્ય થતાં સ્થાવર ઘર, ખેતર, જમીન, લેવડદેવડના કામકાજ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર વાંચન, સપ્તસતી પાઠ વાંચન, વિષ્ટિદોષ ગ્રાહ્ય છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ કુટુંબમાં ઉપાધિ આવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ.

ગ્રહ ગોચરઃ સૂર્ય-વૃશ્ચિક મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, ગુરુ-કુંભ, શુક્ર-ધનુ, શનિ-મકર, રાહુ-વૃષભ, કેતુ-વૃશ્ચિક, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-કુંભ, વક્રી પ્લુટો-મકર. ■

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રમાં શાળાઓ

અમે કટિબદ્ધ છીએ. શાળા શરૂ કરવાને મામલે વાલીઓ ચિંતિત હતા અને એમણે આપત્તિ દર્શાવ્યા બાદ અંદાજે એકાદ વર્ષ અગાઉ આ મામલે આપી શકે એવા નિષ્ણાતોના ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી.

કોરોનાના કેસ હવે ખાસ્સા ઘટ્યા છે અને પ્રતિબંધો પણ હળવા કરાયા હોવાથી શાળાઓ ચાલુ કરવા વિશે લોકોનાં વધી રહેલા દબાણને ધ્યાનમાં લઇને પ્રધાનમંડળે સંબંધિતો સાથે ચર્ચા કરીને આ નિર્ણય લીધો છે. અગાઉ, ગુજરાતમાં પણ ચાલુ અઠવાડિયે સોમવારથી બધા શૈક્ષણિક વર્ગો શરૂ કરાયા છે. ગુજરાતમાં ધોરણ એકથી પાંચના તમામ વર્ગો ૨૨ નવેમ્બરથી શરૂ થયા. ગુજરાતમાં આ પહેલા ધોરણ છથી આઠના વર્ગો શરૂ થયા હતા. તેની પહેલા જુલાઇમાં ધોરણ બારના વર્ગો અને કૉલેજ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ) ■

### ગુજરાતમાં વડા પ્રધાનના

દેશની રાજધાની નવી દિલ્હીમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે બેઠક યોજીને રાજ્યના વિકાસની ગાથા પ્રસ્તુત કરી હતી.

ભૂપેન્દ્ર પટેલે આ વાઈબ્રન્ટ સમિટનો નવતર વિચાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૩માં ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે આપ્યો હતો તેની ભૂમિકા આપી હતી.

આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને કહ્યું કે,વડા પ્રધાનના દિશા દર્શનમાં હવે તો આ સમિટ ગ્લોબલ નોલેજ શેરિંગ નેટવર્કિંગનું વૈશ્વિક પ્લેટફોર્મ બની ગઈ છે. આગામી ૧૦મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ આ ગ્લોબલ સમિટનો નરેન્દ્ર મોદી પ્રારંભ કરાવશે. આ અવસરે દેશનાં વિવિધ રાજ્યોના વડા,વિશ્વના અન્ય દેશોના વરિષ્ઠ મહાનુભાવ,ગ્લોબલ સી.ઈ.ઓ; વિવિધલક્ષી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ વિચારકો અને ભારત સરકારના પ્રધાનો પણ ઉપસ્થિત રહેવાના છે.

મુખ્ય પ્રધાને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આ વર્ષની થીમ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે તેની છણાવટ કરતા કહ્યું હતુ કે, વડા પ્રધાને ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત માટેનું આહ્‌વાન કરેલું છે. ભારતની સ્ટ્રેન્થ,સ્કિલ અને કેપેસિટીને વિશ્વના ભલા માટે ઉજાગર કરવા આત્મનિર્ભર ભારતના વડા પ્રધાનના આહ્‌વાનને સુસંગત આ વર્ષની વાઈબ્રન્ટ સમિટની આ થીમ છે.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દેશ અને દુનિયાના વેપાર-ઉદ્યોગકારો માટે ગુજરાત મોસ્ટ પ્રિફર્ડ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે. ગુજરાતે દેશમાં સૌથી વધુ એફ.ડી.આઈ. એટલે કે ૨૧.૯ યુ.એસ. બિલિયન ડોલર જેટલું રોકાણ ૨૦૨૧ના વર્ષમાં મેળવ્યું છે. એટલું જ નહીં, લીડ્સ ઇન્ડેક્ષમાં પણ ગુજરાતે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧માં ટોપ પર રહી સફળતાની હેટ્રિક નોંધાવી છે.

તેમણે જણાવ્યું કે ભારતના ભાવિ વિકાસ-ગ્રોથની શહેરમાં મેગા ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ બનશે. ગુજરાત ધોલેરા સર, ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર, દિલ્હી મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર, ગીફ્ટ સિટી, ડ્રીમ સિટી જેવા પ્રોજેક્ટ સાથે આવા મેગા પ્રોજેક્ટ ક્ષેત્રમાં પણ યોગદાન આપશે.

કચ્છમાં આકાર પામી રહેલા વિશ્વના સૌથી મોટા હાઇબ્રીડ સોલાર અને વિન્ડ રિન્યુએબલ એનર્જી પાર્ક દ્વારા દેશની રિન્યુએબલ એનર્જી કેપેસિટીમાં વધારાના ૩૦ ગીગાવોટનું પ્રદાન ૨૦૨૩ સુધીમાં ગુજરાત આપતું થશે એમ પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. દેશના ભાવિ સ્ટાર યુનિકોર્ન ગુજરાતમાંથી તૈયાર થાય તેવી રાજ્ય સરકારની મનસા છે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બિઝનેસ ફ્રેન્ડલી સ્ટેટ તરીકે ગુજરાતે ખ્યાતી મેળવી છે. સુંદઢ ઉદ્યોગિક આંતરમાળખું,પ્રોએક્ટીવ પોલીસિઝ, ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ વિગેરેને કારણે જ દેશ અને દુનિયામાં મૂડી રોકાણો માટેનું સૌથી વધુ પસંદગીપાત્ર રાજ્ય ગુજરાત બન્યું છે એનો ભૂપેન્દ્ર પટેલે ઉલ્લેખ કર્યો હતો. આ બેઠકમાં કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર કલ્યાણ, રસાયણ અને ખાતર વિભાગના પ્રધાન મનસુખ માંડવીયાએ જણાવ્યું કે, આ સમિટનું વિચારબીજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રોપ્યું હતું. આજે જે વાઈબ્રન્ટ સમિટની સફળતા આપણે જોઈ રહ્યા છીએ તેની પાછળ વડા પ્રધાનની ૨૦ વર્ષની તપસ્યા રહેલી છે. ■

### શક્તિ મિલ રૅપ કેસ

બાકીની જીંદગી કારાવાસની સજા સંભળાવી હતી. આ સાથે કોર્ટે જણાવ્યું હતું કે તેઓ સમાજમાં રહેવાને લાયક નથી અને એમના સુધરવાની કોઇ શક્યતા ન હોવાથી કારાવાસ દરમિયાન એમને ફરલો કે પૅરોલ નહીં આપવામાં આવે. ત્રણે નરાધમે ૨૦૧૩માં બંધ પડેલી મુંબઇની શક્તિ મિલમાં ૨૨ વર્ષની ફોટોજર્નાલિસ્ટ પર સામૂહિક બળાત્કાર કર્યો હતો. એ વખતે જાધવ ૧૯ વર્ષ, કાસીમ ૨૧ વર્ષ અને અંસારી ૨૮ વર્ષનો હતો. આદેશ સંભળાવતી વખતે કોર્ટે જણાવ્યું હતું કે આ ગુનાએ સમાજના અંતરઆત્માને હચમચાવી નાખ્યો છે અને રૅપ એ માનવહકનું ઉલ્લંઘન છે. રૅપ પીડિત વ્યક્તિ ફક્ત શારીરિક જ નહીં, પણ માનસિક રીતે પણ પીડાય છે, પણ કોર્ટનો ચુકાદો લોકોની લાગણીને આધારે ન લઇ શકાય.

કોર્ટે લાગણીથી પર થઇને કેસનો નિકાલ કરીને કાયદા અનુસાર સજા સંભળાવવાની હોય છે. મૃત્યુદંડથી પસ્તાવાનો ખ્યાલ નહીં આવે. એમણે કરેલા ગુના બદલ તેઓ આજીવન કારાવાસમાં પસ્તાવો કરે એવી સજાને લાયક છે. તેઓ સમાજમાં નહીં ભળી શકે કારણ કે તેઓ મહિલાઓને વસ્તુ તરીકે જુએ છે. ટ્રાયલ કોર્ટે આ કેસમાં માર્ચ ૨૦૧૪માં ચાર આરોપીને દોષી ઠેરવ્યા હતા. ફોટો જર્નાલિસ્ટ પર બળાત્કાર કરવાના મહિનાઓ અગાઉ, એ જ સ્થળે ૧૯ વર્ષની એક ટેલિફોન ઑપરેટર પર પણ સામૂહિક બળાત્કાર કર્યો હોવાથી કોર્ટે જાધવ, બંગાળી અને અંસારીને મૃત્યુદંડની સજા કરી હતી.

ચોથા દોષી સીરાજ ખાનને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી અને એક દોષી કિશોરવયનો હોવાથી એને સુધારગૃહમાં મોકલી આપવામાં આવ્યો હતો. એપ્રિલ ૨૦૧૪માં ત્રણે દોષીએ ટ્રાયલ કોર્ટનાં ચુકાદાને પડકારતી અરજી હાઇ કોર્ટમાં કરી હતી. (પીટીઆઇ) ■

### મુંબઇમાં નૌસેનાની સબમરીન

અનેકગણો વધારો કરશે. હાલની સુરક્ષાની વિષમ પરિસ્થિતિમાં આ સબમરીનની ક્ષમતા અને મારક શક્તિ ભારતની જળસીમાની સુરક્ષા કરવામાં નૌસેનાને મહત્ત્વનો ફાળો આપવા સાથે દુશ્મનો માટે સ્પષ્ટ ખતરા સમાન છે.

કલવારી-ક્લાસ સબમરીનના પ્રોજેક્ટ-૭૫ હેઠળ છ સબમરીન બનાવવાના છે અને એમાંથી આ ચોથી સબમરીન બનીને તૈયાર થઇ હતી, જેને ગુરુવારે મુંબઇ ખાતે તરતી મૂકવામાં આવી હતી. સ્કોરપિયન ક્લાસની આ સબમરીનો મુંબઇના મઝગાંવ ડૉકયાર્ડમાં ફ્રાંસના સહયોગથી બનાવવામાં આવી રહી છે. એક સપ્તાહની અંદર નૌસેનામાં આ બીજો મોટો સમાવેશ હતો. આ અગાઉ ૨૧મી નવેમ્બરે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આઇએનએસ વિશાખાપટ્ટનમ નામની વિનાશિકા તરતી મૂકી હતી. (પીટીઆઇ) ■

### પરમબીર સિંહ

અઠવાડિયે મૅજિસ્ટ્રેટ કોર્ટે સિંહને ભાગેડુ જાહેર કરતી નોટિસ બહાર પાડી હતી. ગુના નોંધાવાની શરૂઆત થતાં જ ગુમ થઈ ગયેલા પરમબીર સિંહ બુધવારે સોશિયલ મીડિયા પર દેખાયા હતા. હું ચંડીગઢમાં છું અને ટૂંક સમયમાં મુંબઈ આવીશ, એવું તેમણે મીડિયાને કહ્યું હતું. જોકે બીજે જ દિવસે ગુરુવારે સવારે સિંહ ક્રાઈમ બ્રાન્ચના કાંદિવલી યુનિટમાં પહોંચ્યા હતા. પોલીસે તેમનું નિવેદન નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સાંજે છ વાગ્યાની આસપાસ સિંહ ક્રાઈમ બ્રાન્ચની ઑફિસેથી નીકળ્યા હતા. ■

### દેશમાં પુરુષો કરતાં

આરોગ્યનું પૂરતું ધ્યાન રાખવા કાર્યવાહી કરાઇ રહી છે. અગાઉ, ૨૦૧૫ - ૨૦૧૬માં આ પ્રમાણ ૧,૦૦૦ પુરુષની સામે ૯૧૯ મહિલાનું હતું, તે વધીને ૨૦૧૯ - ૨૦૨૦માં ૧,૦૦૦:૯૨૯ થયું હતું. (એજન્સી) ■

### ચૂંટણીના ઉમેદવારની મિલકત

છે અને તેનું નામ જાહેર ન થયું ત્યાં સુધી પક્ષમાં પણ એ બહુ જાણીતો ન હતો. પોતાના વ્યવસાયને લીધે ગુજરી બાબુ કે સ્ક્રેપ બાબુ તરીકે જાણીતો આ અબજપતિ ઉમેદવાર માત્ર પાંચ ધોરણ ભણ્યો છે. તેને બે પત્ની અને પાંચ બાળકો છે. તેના વિશે વિવાદ પણ થયા છે. શહેર પોલીસ સ્ટેશનમાં તેની સામે ચાર પોલીસ ફરિયાદ પણ નોંધાઇ છે. ૨૦૧૬માં રેવન્યૂ વિભાગની એક મહિલા સરકારી અધિકારી સામે ગેરવર્તન કરવા બદલ તેની ધરપકડ પણ કરાઇ હતી. બીજેપીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે કેવા પ્રકારની વ્યક્તિએ કૉંગ્રેસ દ્વારા વિધાન પરિષદની ચૂંટણીની ટિકિટ મેળવી છે. શરીફ સોનાના ખાણ ઉદ્યોગ સાથે પણ સંકળાયેલો હતો એવું કહેવાય છે. ■

## દેશમાં કોવિડ-૧૯ના દરદીઓ ૫૩૯ દિવસના સૌથી ઓછા કેસ નોંધાયા

નવી દિલ્હીઃ દેશમાં ગુરુવારે સવારે ૮ વાગ્યા સુધીમાં કોવિડ-૧૯ના સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧,૦૯,૯૪૦ ઉપર પહોંચી હતી, જે ૫૩૯ દિવસનાં સૌથી ઓછા કેસ હતા. માહિતી કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરી હતી. આ સાથે ગુરુવારે ૯૧૧૯ નવા કેસ નોંધાયા હતા અને કુલ કેસની સંખ્યા વધીને ૩,૪૫,૪૪,૮૮૨ ઉપર પહોંચી હતી. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે કોરોનાને કારણે ૩૯૬ વ્યક્તિનાં મોત થયાં હતાં અને કુલ મરણાંક વધીને ૪,૬૬,૯૮૦ ઉપર પહોંચ્યો હતો. દેશમાં રાષ્ટ્રવ્યાપી રસીકરણ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં કોવિડ-૧૯ના કુલ ૧૧૯.૩૮ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. અત્યાર સુધી સાજા થનાર દરદીની કુલ સંખ્યા વધીને ૩,૩૯,૬૭,૯૬૨ થઇ હતી. (પીટીઆઇ) ■

## સાવધાન! યુરોપમાં કોરોના મહામારી વધી રહી છે

જીનીવાઃ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન(હૂ) ના જણાવ્યા પ્રમાણે યુરોપમાં ગયા અઠવાડિયે કોરોના કેસમાં અગિયાર ટકાનો વધારો થયો હતો. આ એક જ ખંડ એવો છે જ્યાં ઑક્ટોબર મહિનાથી જ કોરોનાના કેસ વધતા જાય છે.

આ સંસ્થાના યુરોપ ખાતેના ડિરેક્ટર ડૉ. હન્સ ક્લુજે તો ચેતવણીભર્યા સૂરમાં એમ કહ્યું હતું કે જો તાત્કાલિક પગલાં નહી ભરવામાં આવે તો વસંત ઋતુ સુધીમાં આપણને બીજા સાત લાખ મોત જોવા મળી શકે છે. તેમણે કહ્યું હતું કે યુરોપીય પ્રદેશમાં અત્યાર સુધી એક અબજ રસીના ડૉઝ અપાયા છે, જ્યાં અલગ અલગ વિસ્તારોમાં ૧૦ ટકાથી ૮૦ ટકા રસીકરણ થયું છે.

જો લૉકડાઉનને ટાળવું હોય તો રસીકરણ વધારવા ઉપરાંત કોરોનાની બીજી માર્ગદર્શિકા જેમ કે માસ્ક પહેરવાની અને સામાજિક અંતર રાખવાની આદત પાળવી પડશે. હૂ સંસ્થાએ એમ પણ જણાવ્યું હતું કે સાઉથ-ઇસ્ટ એશિયા અને મિડલ ઇસ્ટમાં કોવિડ-૧૯નું પ્રમાણ અનુક્રમે ૧૧ અને ૯ ટકા ઘટ્યું હતું. ■

## કોરોનાના ટેસ્ટ ઘટવા મામલે કેન્દ્રએ ૧૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને પત્ર લખી ચિંતા વ્યકત કરી

નવી દિલ્હીઃ અનેક દેશોમાં ફરીથી વધેલા કોરોનાના કેસને ટાંકીને કેન્દ્ર સરકારે કોરોનાના સાપ્તાહિક ટૅસ્ટ ઘટવા અને કેટલાક જિલ્લાઓમાં કેસ વધવા મામલે કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર સહિતના ૧૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને પત્ર લખી ચિંતા વ્યકત કરી હતી.

કેન્દ્ર સરકારે આ પત્ર મહારાષ્ટ્ર, પંજાબ, પશ્ચિમ બંગાળ, કેરળ, રાજસ્થાન સહિત કુલ ૧૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને મોકલાવ્યો છે. પત્રમાં કેન્દ્રના સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું છે કે તાજેતરમાં લગ્નો, ઉત્સવો અને વૅકેશનને કારણે પ્રવાસ વધ્યો છે અને આ કારણસર કોરોના માટેનાં ટૅસ્ટ ચાલુ રહેવા જોઇએ.

ટૅસ્ટિંગમાં ઘટાડો થવાથી સમાજમાં ફેલાયેલા વાસ્તવિક ચેપની સામે પગલાં લેવાની કાર્યવાહી નબળી બનશે. પર્યાપ્ત પરીક્ષણના અભાવે જે તે વિસ્તારમાં ફેલાતા વાસ્તવિક ચેપને ઓળખવો મુશ્કેલ થઇ પડશે. તાજેતરમાં અનેક દેશોમાં કોરોનાના કેસમાં વધારો થયો છે અને મોટે પાયે રસીકરણ થયું હોવા છતાં કેટલાક વિકસિત દેશોમાં તો કોરોનાની ચોથી કે પાંચમી લહેર આવી છે. આ રોગની અણધારી અને ચેપી પ્રકૃતિને ધ્યાનમાં રાખીને સતત ધ્યાન રાખવું જરૂરી છે તેવું ભૂષણે પત્રમાં જણાવ્યું છે.

દરેક પત્રમાં જે તે રાજ્યને લગતી ચોક્કસ જિલ્લાઓની ટૅસ્ટિંગની માહિતી અને પોઝિટિવિટી રૅટ જણાવાયા છે, પણ બધા જ ૧૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને એક સરખી સલાહ આપવામાં આવી છે. (પીટીઆઇ) ■

## સીબીઆઇના ડિરેક્ટરની 'ઇન્ટરપોલ'માં નિમણૂક

નવી દિલ્હીઃ સીબીઆઇના સ્પેશિયલ ડિરેક્ટર પ્રવીણ સિંહાની ગુરુવારે 'ઇન્ટરપોલની ઍક્ઝિક્યૂટિવ કમિટી'માં એશિયાના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ જણાવી હતી.

ઇસ્તનબુલમાં ચાલી રહેલી ઇન્ટરપોલની ૮૯મી મહાસભામાં વિવિધ પદો માટેની ચૂંટણી યોજાઇ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ ચૂંટણી પડકારજનક હતી, કારણ કે આ ચૂંટણીમાં ભારત સામે બે પદ માટે અન્ય ચાર પ્રતિસ્પર્ધી ચીન, સિંગાપોર, રિપબ્લિક ઑફ કોરિયા અને જોર્ડન હતા. ઇન્ટરપોલ (ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઑર્ગેનાઇઝેશન) અંદાજે ૧૯૦ દેશની પોલીસને સાથે લાવે છે અને આંતરરાષ્ટ્રીય ગુના અને ત્રાસવાદનો સામનો કરવા માટેની પ્રમુખ સંસ્થા બની છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આજની જીત વિશ્વભરમાં કરવામાં આવેલા સઘન અને સારી રીતે સંકલિત પ્રયાસોનું પરિણામ છે. આ જીત મેળવવા માટે વિવિધ સ્તરે મિત્ર રાષ્ટ્રોની મદદ માગવામાં આવી હતી. (પીટીઆઇ) ■

## આઇસીસી રેન્કિંગમાં રાહુલ પાંચમા ક્રમાંકે

દુબઇઃ ભારતીય ઑપનર કે એલ રાહુલ જે ઇજાગ્રસ્ત હોઇ આજથી કાનપુર ખાતે શરૂ થયેલી ટેસ્ટ મેચમાં નથી રમવાનો તેને આઇસીસી મેન્સ ટી૨૦ પ્લેયર રેન્કિંગમાં પાંચમું સ્થાન મળ્યું છે જ્યારે સૂર્યકુમાર યાદવે હનુમાન કૂદકો લગાવી ૨૪ ક્રમાંક આગળ વધી ૫૯મું સ્થાન મેળવ્યું હતું. પાકિસ્તાનના વિકેટકીપર કમ બેટ્સમેન મૌહમ્મદ રિઝવાને પણ આગળ વધીને ચોથું સ્થાન મેળવ્યું છે. ન્યૂ ઝીલેન્ડના માર્ટિન ગુપ્ટિલને ૧૦મું તો ભારતના રોહિત શર્માને ૧૩મું સ્થાન મળ્યું છે. પાકિસ્તાનનો ફખર ઝમાન પણ પાંચ ડગલા આગળ વધ્યો છે. તે અગાઉ ૪૦માં સ્થાને હતો, હવે ૩૫માં સ્થાને છે.

બૉલરોની વાત કરીએ તો મિશેલ સેન્ટનર ૧૦ પગલાં આગળ વધીને ૧૩માં સ્થાને પહોંચ્યો છે જ્યારે ભુવનેશ્વર પાંચ પગલાં આગળ વધી ૧૯માં સ્થાને છે. દીપક ચહર ૧૯ કદમ આગળ વધીને ૪૦માં સ્થાને પહોંચ્યો છે. મહેદી હસન ૧૨માં સ્થાને, બંગલાદેશનો શોરીફૂલ ઇસ્લામ ૪૦માં સ્થાને પાકિસ્તાની પ્લેયર્સ શાદાબખાન તેમ જ હસન અલી આગળ વધીને અનુક્રમે ૧૪ અને ૪૪માં સ્થાને પહોંચ્યા છે. ■

## ૧.૧૧ કરોડ કરદાતાને ₹ ૧.૨૩ લાખ કરોડનું આઇટી રિફંડ અપાયું

નવી દિલ્હીઃ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨ દરમિયાન ૧.૧૧ કરોડથી વધુ કરદાતાને રૂ. ૧,૨૩,૬૬૭ કરોડનું આઇટી રિફંડ અપાયું હોવાની માહિતી આવકવેરા વિભાગે બુધવારે જાહેર કરી હતી.

આ રિફંડમાં અસેસમેન્ટ યર ૨૦૨૧-૨૨ના ૭૫.૭૫ લાખ કરદાતાને કરવામાં આવેલા રૂ. ૧૫,૯૯૮.૩૧ કરોડનો સમાવેશ પણ થાય છે. વિભાગે ટ્વિટર પર વધુમાં જણાવ્યું હતું કે આ રિફંડ ૧લી એપ્રિલ ૨૦૨૧થી ૨૨ નવેમ્બર ૨૦૨૧ દરમિયાન કરવામાં આવ્યું હતું. એમાં ૧.૦૮ કરોડ કેસમાં રૂ. ૪૧,૬૪૯ કરોડનું વ્યક્તિગત કર રિફંડ અને ૧,૮૧,૨૧૮ કેસમાં રૂ. ૮૨,૦૧૮ કરોડનું કોર્પોરેટ રિફંડનો સમાવેશ થાય છે. (પીટીઆઇ) ■